પ્ર. ૭. ગીતાની યજ્ઞભાવના વિષે વિસ્તૃત નિબંધ લખો ?

ઉત્તર : ગીતાના ત્રીજા અધ્યાયમાં દરેકને માટે કર્મ કરવાં અનિવાર્ય છે એમ સમજાવતાં ભગવાને કહ્યું, यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः માણસે કર્મ કરવાં જ જોઈએ, અને તે બધાં કર્મો યજ્ઞ માટે જ કરવાં જોઈએ. યજ્ઞ માટેના સિવાયનાં બધાં જ કર્મો બંધનકારક છે. માણસ તો નાનાંમોટાં અનેક કર્મો કર્યાં જ કરતો હોય છે. હવે એ બધાં કર્મોને બંધનમુક્ત રાખવા હોય તો તેને યજ્ઞ માટે કરવાં જોઈએ. બધાં કર્મો યજ્ઞ માટેનાં કેવી રીતે હોઈ શકે ? લાગે છે કે ગીતાકારકના મનમાં અહીંથી જ યજ્ઞ શબ્દનો - યજ્ઞકુંડમાં હોમ એવો નાનો - સંકુચિત - અર્થ નથી. તેની યજ્ઞ વિષેની ભાવના ઘણી

CamScanner

વ્યાપક લાગે છે. એ કઈ હશે ? જોઈએ.

(૧) यज्ञ શબ્દ મૂળ यज् - પૂજા કરવી - યજન કરવું - ધાતુ ઉપરથી આવ્યો છે. આમ, યજ્ઞમાં પૂજા મુખ્ય છે. આપણા મનમાં પૂજા દેવોની થઈ શકે તેમ છે. પણ ગીતાએ જે વ્યાપક અર્થ ઘટાવ્યો છે તે મુજબ જેને માટે કર્મ કરીએ તેની એ રીતે પૂજા કરીએ તે યજ્ઞ. કંટાળાથી કે તિરસ્કારથી કામ કરીએ તે યજ્ઞ નહિ. આમ, યજ્ઞમાં **પૂજાનો ભાવ** મુખ્ય છે.

(૨) યજ્ઞ શબ્દનો વિશેષ પ્રચાર વેદના કર્મકાંડ વિભાગમાં થયો. દેવોએ આપણને વરસાદ, હવા, પાણી, પ્રકાશ, ગરમી આદિ ઘણું આપ્યું અને આપણા ઉપર અનંત ઉપકારો કર્યા. હવે આપણે પણ ઉપકારના ઉત્તર રૂપે દેવોને કશુંક અર્પવું જોઈએ. આ છે તંદુરસ્ત જીવનવ્યવહાર અને સામાજિકતા. કોઈનું લઈને બેસી રહેવાય નહિ. કર્મકાંડના યજ્ઞોમાં દેવોના અનંત ઉપકારો સામે આપણી **કૃતજ્ઞતાનો ભાવ** છે. કૃતજ્ઞતાથી આપણે દેવોને આહુતિ આપીએ છીએ. ભગવાને ગીતામાં કહ્યું : देवान् भावयतानेन ते देवा भावयन्तु वः । परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥ આ છે દેવમાનવનો વ્યવહાર.

(૩) આ યજ્ઞોમાં જ્યારે આપણે આહુતિ આપીએ છીએ ત્યારે न मम એમ બોલીએ છીએ; જેમકે अग्नये स्वाहा इदम् अग्नये न मम. આ न मम ત્યાગવાચક શબ્દ છે. જે આહુતિ અથવા જે કંઈ આપણે આપ્યું - અગ્નિમાં નાખ્યું તેના ઉપરથી આપણે मम ભાવ - માલીકીનો ભાવ - કાઢી નાખીએ છીએ. આમ, માલીકીભાવનો ત્યાગ અથવા **સમર્પણ** એ પ્રાચીન યજ્ઞભાવનાનું અગત્યનું અંગ છે.

(૪) યજ્ઞમાં સમર્પણ કરતી વખતે માણસે પોતાના અર્થનો - સ્વાર્થનો - સમષ્ટિના મુખમાં - સમષ્ટિના હિત માટે ત્યાગ કરવાનો હોય છે એટલે યજ્ઞમાં **સમષ્ટિભાવના** તો છે જ, પરંતુ ખરી રીતે સમગ્ર વિશ્વના - પશુઓ, પંખીઓ તથા અગ્નિ, ઈન્દ્ર આદિ પ્રકૃતિ તત્ત્વો કે દેવોને સમર્પણ હોય છે. આમ, યજ્ઞમાં **વૈશ્વિક ભાવના** છે. અથર્વવેદનો મંત્ર કહે છે : यत्र विश्वं भवत्येकनीडम् । આ અર્થમાં જ આપણે ત્યાં પંચમહાયજ્ઞો થયા. આમાં દેવયજ્ઞ દ્વારા દેવો પ્રત્યેનું ઋણ ફેડવાનો વિચાર છે, તો પિતૃયજ્ઞ દ્વારા પોતાના ઈતિહાસને, પોતાના પૂર્વજોને શ્રદ્ધાંજલિ છે, મનુષ્યયજ્ઞ દ્વારા અતિથિ સંતર્પણ - अतिथिदेवोभवની ભાવના છે. આમ, માણસ એકલપેટો ન રહે અને અનેક માણસોનો આદરથી સત્કાર કરે તેને ધર્મ ગણવામાં આવ્યો છે. બ્રહ્મયજ્ઞ અથવા વેદાધ્યયન દ્વારા પ્રાચીન ઋષિમુનિઓના વિદ્યાતપનું ઋણ ફેડવાનો વિચાર છે અને ભૂતયજ્ઞ દ્વારા પશુપંખીની સૃષ્ટિને ઉપકારક થવાનો વિચાર છે. માણસ વિશ્વના અનેક ઉપકારો તળે દબાયેલો છે. તે આવો વૈશ્વિકવ્યવહાર ન દાખવે તો તે ચોર છે. ગીતા કહે છે : इष्टान् भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः । तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥

(૫) ગીતાની યજ્ઞભાવના સ્વાભાવિક છે. યજ્ઞ એ માણસનું **આધ્યાત્મિક સત્ય** છે. એટલે કે યજ્ઞને ઉપરથી લાદવાનો નથી. આપી દેવું, આપતાં જવું એ જાણે આપણું સત્ય છે, એ આપણો સત્ય સ્વભાવ છે. તેને વિસરી જઈને કદાચ માણસ આપે જ નહિ

અને સંઘરો કર્યા કરે તો પણ તે મૃત્યુ સમયે તેમાંનું કશું - એક તણખલું ય - ઉપાડી જઈ શકતો નથી. તેણે બધા ભોગોને ભોગવનાર શરીરને પણ મૂકીને જવું પડે છે. આમ, અહીંથી જતા રહેવાનું છે - મૃત્યુ પામવાનું છે - એ જેટલું સત્ય છે તેટલું જ સત્ય બધું અહીં છોડી જવું તે છે. આ રીતે ત્યાગથી જ સમર્પણથી જ - કે યજ્ઞથી જ - જીવન-વ્યવહાર ચલાવવો - तेन त्यक्तेन भुञ्जीथाः - એ માણસ માટે સ્વાભાવિક છે, એ તેનું સત્ય છે. આ રીતે જોઈએ તો અહીં નિરંતર બ્રહ્માગ્નિમાં હોમ ચાલી રહ્યો છે.

(૬) યજ્ઞમાં **નવસર્જનની ભાવના** રહેલી છે. અહીં સતત ચાલતા હોમથી - કે સ્વાર્પણથી નૂતનનું સર્જન થાય છે. જેમ અમુક દાણા ધરતીમાં વાવવાથી તેમાંથી અનેકગણા દાણા મળે છે તેમ એક ત્યાગથી અનેકોને ઉપભોગ મળે છે અને જો આ ઉપભોગોનો પણ ત્યાગ થયા કરે તો તો સૃષ્ટિમાંથી સુખની - આનંદની - મોટી ફસલ ઊભી થાય. ગીતામાં ભગવાને કહ્યું,

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥

આમ, પ્રજાપતિએ જ સૃષ્ટિના સર્જનની સાથે સાથે જ યજ્ઞને સર્જીને લોકોને આમાંથી ''સર્જન કરો'' એવી શીખામણ આપી હતી. સ્વાર્પણથી જ ઇષ્ટ કામનાઓ પૂરી થાય છે. શુકલ યજુર્વેદના ૧૮મા અધ્યાયમાં સઘળું યજ્ઞમાંથી ઉત્પન્ન થયું છે તેવું (यज्ञेन कल्पन्ताम्) વર્ણન આવે છે. પુરુષસૂક્તમાં तस्माद्यज्ञात् सर्वहुतः संभृतं पृषदाज्यन् વગેરેમાં યજ્ઞમાંથી થયેલા સર્જનની વાત કરી છે. યજ્ઞકુંડમાં પણ સર્જનપ્રક્રિયાનાં પ્રતીકો રાખવામાં આવ્યા હોય છે. આમ, નવસર્જનની ભાવના યજ્ઞસંસ્થા સાથે મૂળથી જ સંકળાયેલી છે.

(૭) ગીતામાં નિરૂપાયેલો યજ્ઞચક્રપ્રવર્તનનો ખ્યાલ પણ ગીતાની વિશિષ્ટ યજ્ઞભાવના ઉપર પ્રકાશ પાડે છે. અક્ષરમાંથી આ સંસાર નિઃસરે છે. અક્ષરમાંથી બ્રહ્મ થાય, બ્રહ્મથી કર્મ થાય, કર્મથી યજ્ઞ થાય, યજ્ઞથી પર્જન્ય થાય, પર્જન્યથી અન્ન થાય અને અન્નથી ભૂતો થાય. આ ચક્રને પૂરૂં ચલાવવું હોય તો ભૂતોએ અક્ષરમાં પોતાનું સમર્પણ કરવું જોઈએ. અક્ષરમાં ભૂતોનો હોમ એટલે શ્રી મ. ન. દ્વિવેદીના શબ્દોમાં, ''સર્વમયતામાં સ્વ નો ભોગ આવે, સમગ્ર સમષ્ટિની પ્રવૃત્તિમાં પોતાની પ્રવૃત્તિનો વિલય કરી, સમષ્ટિને અનુકૂળ સાધી દ્વન્દ્વમાત્રથી મુક્ત થાય.'' પોતાની બધી પ્રવૃત્તિ બ્રહ્માર્પણ કે શ્રીકૃષ્ણાર્પણ કરવી તે ભૂતોએ અક્ષરને આપેલું સમર્પણ છે. આમ, ભૂતો અક્ષરને સમર્પિત થાય ત્યારે યજ્ઞચક્ર પૂરેપૂરું ચાલ્યું ગણાય. નહિ તો યજ્ઞચક્ર અટકી પડે. યજ્ઞચક્રને અટકાવી દેનારને ગીતાએ अघायु, इन्द्रियाराम અને मोघ અર્થાત્ નકામા જીવનવાળો ગણાવ્યો છે. આ રીતે યજ્ઞચક્રપ્રવર્તન ફરજિયાત છે જે કંઈ સમર્પિત થાય તે ભગવાનને મળે છે. કેમકે ભગવાને કહ્યું છે : अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।

(૮) પ્રારંભમાં જ કહ્યું તેમ દરેક માણસે કર્મના બંધનમાંથી મુક્ત રહેવા માટે યજ્ઞ કરવો જોઈએ. યજ્ઞકુંડમાં આહુતિઓનો હોમ એ તો યજ્ઞ છે જ, પણ તે ઉપરાંત જ્યાં માણસ ન મમ - સમર્પણ - કરે ત્યાં યજ્ઞ થઈ જાય છે. કોઈ પોતાનું દ્રવ્ય સમર્પિત કરે

CamScanner

તો તે દ્રવ્યયજ્ઞ છે. તપ કરે તે તપોયજ્ઞ કહે છે. આવી જ રીતે સ્વાધ્યાયયજ્ઞ, યોગયજ્ઞ વગેરે અનંતવિધ યજ્ઞો થઈ શકે. આપણા જમાનામાં નેત્રયજ્ઞ, દંતયજ્ઞ એવા શબ્દો યજ્ઞના આવા વ્યાપક અર્થમાં જ પ્રચલિત થયા છે. આ બધા યજ્ઞોમાં માણસ પોતાની પાસે રહેલામાંથી થોડાકનું સમર્પણ કરે છે. પણ જ્યારે માણસને એવું ભાન થાય કે ''હું - આ દેહ અને તેને લગતું બધું જ -'' વિશાળ પરમતત્ત્વ બ્રહ્મ છે - એટલે કે તેને अहं ब्रह्मास्मिનું ભાન થાય ત્યારે તેનાં શ્વાસોચ્છ્વાસથી માંડીને નાનાં મોટાં બધાં જ કાર્યો - તેનું સમગ્ર બ્રહ્માર્પણ બની જાય છે. આ સ્થિતિમાં જ્યાં 'હું' જ રહેતો નથી, તો પછી 'તું' અને 'તે' કેવી રીતે રહી શકે ? સઘળું બ્રહ્મ બની જાય છે :

ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥

આ થયો જ્ઞાનયજ્ઞ. જેમાં બધું જ સમર્પિત થઈ જાય છે, એવો આ જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે કેમકે તેમાં બધાં જ યજ્ઞો આવી જાય છે. ભગવાન કહે છે : सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते.

આમ, ગીતાના ત્રીજા અને ચોથા અધ્યાયમાં ઉપર વર્ણવ્યા પ્રમાણેની યજ્ઞભાવના સૂચિત થાય છે.

CamScanner